# ઉત્તર ભારતમાં ભૂકંપના આંચકા

નવી દિલ્હી,તા. ૨

ઉત્તર ભારતના અનેક વિસ્તારોમાં આજે સવારે ભૂકંપના આંચકાના કારણે ખળભળાટ મચી ગયો હતો. ઉત્તર ભારતના આ ભાગો ભૂકંપથી હચમચી ઉઠ્યા બાદ લોકો દહેશતના કારણે ઘરની બહાર દોડી ગયા હતા. આશરે આઠ વાગે ભૂકંપના આંચકા અનુભવ કરવામાં આવ્યા હતા. જમ્મુ કાશ્મીરના કિસ્તવાર, ડોડા અને ભદ્રાવામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ઉપરાંત પંજાબ અને હિમાચલ પ્રદેશના ઘણા ભાગોમાં પણ ભૂકંપના આંચકા આવ્યા હતા. અલબત્ત ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી. ભૂકંપનું કેન્દ્ર કિસ્તવારથી ૧૩ કિલોમીટરના અંતરે હોવાનું જાણવા મળ્યું છે. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેવર ઉપર ૫.૪ જેટલી આંકવામાં આવી છે. ભૂકંપના આંચકાની અસર આશરે સાત સેકન્ડ સુધી રહી હતી. આંચકો અનુભવાયા બાદ લોકો પોતપોતાના ઘરથી બહાર દોડી ગયા હતા. અનેક જગ્યાઓ ઉપર સ્કૂલમાંથી સવારે બાળકો બહાર નીકળી ગયા હતા. સાવચેતીના પગલા રૂપે કેટલીક સ્કૂલોમાં રજા પણ જાહેર કરાઈ હતી. મોટાભાગના લોકો સવારે આંચકો આવ્યો ત્યારે તેમના ઘરમાં જ હતા. જમ્મુ કાશ્મીરના પટ્ટામાં સૌથી વધારે અસર જોવા મળી હતી. જમ્મુ કાશ્મીરમાં હાલના સમયમાં અનેક વખત આંચકા આવી ચૂક્યા છે. ભદ્રવા અને તેના આસપાસના વિસ્તારોમાં મે મહિનામાં ૩૭ આંચકાઓ આવ્યા હતા. જમ્મુ કાશ્મીરને ભારતના સૌથી વધારે ભૂકંપ પ્રભાવિત વિસ્તાર તરીકે ગણવામાં આવે છે. થોડાક સમય પહેલા પ્રચંક આચકામાં ઘણા લોકોના મોત પણ થયા હતા. જમ્મુ કાશ્મીર ઉપરાંત દેશના ઘણા ભાગોમાં હાલમાં નોંધાયેલા આંચકાના કારણે સંબંધિત વૈજ્ઞાનિકો અને ભૂકંપ સાથે સંબંધિત નિષ્ણાંતોએ ચકાસણીની પ્રક્રિયા હાથ ધરી છે. એવું જાણવા



મળી રહ્યું છે કે ભૂગર્ભમાં ચાલી રહેલી ગતિવિધીઓ ઉપર નજર રાખવામાં આવી રહી છે. કેટલાક તારણો ઉપર ટૂંકમાં જ વૈજ્ઞાનિકો પહોંચે તેમ પણ માનવામાં આવે છે. હવામાન વિભાગના વરિષ્ઠ અધિકારીઓનું કહેવું છે કે પ્રથમ આંચકો આવ્યા બાદ રિક્ટર સ્કેલ પર ૨.૭ની તીવ્રતાના હળવા આંચકા આવ્યા હતા. આ આંચકો ૮.૦૫ વાગ્યે અનુભવાયો હતો. જ્યારે ૫.૪ની તીવ્રતાનો પ્રથમ આંચકો ૮.૦૩ વાગ્યે આવ્યો હતો. આની અસર જમ્મુ કાશ્મીર ઉપરાંત પંજાબ, હરિયાણા, હિમાચલપ્રદેશ, ચંદીગઠ અને અન્ય ભાગોમાં નોંધાઈ હતી. હિમાચલ પ્રદેશના શિમલા, ચંબા, લાહોલ, સ્પીતી, કુલ્લુ, કાંગ્રા જિલ્લાઓમાં રહેલા લોકોએ આંચકા અનુભવ્યા હતા અને પોતના ઘરની બહાર દોડી આવ્યા હતા. હિમાચલ પ્રદેશના કેટલાક ભાગો તથા કાંગ્રામાં અગાઉ ૧૩મી જુલાઈના દિવસે પણ ભૂકંપના આંચકા નોંધાયા હતા.

## ટુજી કેસમાં સંજય ચંદ્રાને સુપ્રીમે નોટિસ ફટકારી

નવી દિલ્હી,તા. ૨

સુપ્રીમ કોર્ટે કેન્દ્રિય તપાસ બ્યુરો (સીબીઆઈ)ની અરજી પર યુનિટેક લિમિટેડના અધિકારી સંજય ચંદ્રાને આજે નોટિસ ફટકારી હતી. સીબીઆઈએ પોતાની અરજીમાં ટુજી કૌભાંડમાં સરકારી વકીલ એકે સિંહને કથિતરીતે લાલચ આપવા માટે અને તેમના પર પ્રભુત્વ જમાવવા બદલ ચંદ્રાના જામીન રદ કરવાની માંગણી કરી છે. સુપ્રીમ કોર્ટે ૨૩મી નવેમ્બર ૨૦૧૧ના દિવસે ચંદ્રાને જામીન આપ્યા હતા.

ચંદ્રાને ટુજી લાઈસન્સ હાંસલ કરવાના મામલામાં થયેલી ગેરરીતિના મામલામાં ધરપકડ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જીએસ સિંઘવી અને જસ્ટિસ એસજે મુખોપાધ્યાયે બે સપ્તાહમાં ચંદ્રા પાસેથી જવાબની માંગણી કરી છે. સુપ્રીમ કોર્ટ સંજય ચંદ્રાને આપવામાં આવેલા જામીન રદ કરવાની અરજી પર સુનાવણી ચલાવવા તૈયારી બતાવી છે અને તેમને નોટિસ ફટકારી છે.

## સતત આઠમા સેશનમાં શેરબજારમાં મંદી

મુંબઈ,તા. ૨

શેરબજારમાં આજે સતત આઠમા દિવસે મંદીનું મોજુ રહ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેક્સ ૧૫૩ પોઈન્ટ ઘટીને ૧૯૧૬૪ની નીચી સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૦ પોઈન્ટ ઘટીને ૫૬૭૮ની નીચી સપાટીએ રહ્યો હતો. સતત આઠમા દિવસો વેચવાલીનું દબાણ રેટ લક્ષી શેરમાં જોવા મળ્યુ હતુ. રિઝર્વ બેંક દ્વારા ટૂંકા ગાળામાં રેટમાં વધારાને પરત ખેંચવામાં આવશે તેવા સંકેત મળી રહ્યા છે. ડોલર સામે રૂપિયામાં થઈ રહેલી પડતીનો રોકવા માટે પગલા લેવાઈ રહ્યા છે. બેંકિંગ શેરોમાં આજે તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો કારણ કે રિઝર્વબેંકના ગવર્નર ડી સુબ્બારાવે કહ્યુ હતુ કે રિઝર્વ બેંક સ્થિરતાની ખાતરી થઈ ગયા બાદ જ તેના હાલમાં લેવામાં આવેલા કેશ ટાઈટ કરવા સાથે સંબંધિત પગલા પાછા ખેંચશે. બ્રોડર માર્કેટમાં આજે નબળી સ્થિતિ રહી હતી. મિડકેપના શેરમાં ૦.૪ ટકા અને સ્મોલકેપમાં ૧.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રિડથ નકારાત્મક રહી હતી. ૨૪૦૭ શેરમાં કારોબાર થયો હતો જે પૈકી ૧૪૮૭ શેરમાં મંદી રહી હતી અને ૭૭૭ શેરમાં તેજી રહી હતી. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ ગુરુવારના દિવસે ૧.૭૮ અબજ રૂપિયાના સ્થાનિક શેર ખરીદી લીધા હતા. રૂપિયામાં ઘટાડાનો દોર જારી રહ્યો છે. દરમિયાનમાં અમેરિકી પેરોલના અહેવાલ જારી કરવામાં આવ્યા છે જે પૈકી કંપનીઓએ ૧૮૫૦૦૦ વર્કરોને જુલાઈ મહિનામાં ઉમેર્યા છે.

અગાઉના મહિનામાં ૧૯૫૦૦૦ લોકોને રોજગારીની તક અપાઈ હતી. બ્લુમ બર્ગ સર્વેમાં અંદાજના આંકડા જારી કરાયા હતા. સ્થાનિક રીતે સેક્ટરલ ઈન્ડેક્સમાં બેંક, ઓટો, મેટલ ઈન્ડેક્સમાં ઘટાડો રહ્યો હતો. જ્યારે કન્ઝ્યુમર ડ્યુરેબલ અને આઈટી ઈન્ડેક્સમાં તેજી જામી હતી. ચાવીરૂપ નફો મેળવવામાં ઈન્ફોસિસ અને ટીસીએસનો સમાવેશ થાય છે. આ બંનેમાં ૧-૧.૫ ટકા વચ્ચેનો સુધાર રહ્યો હતો. જિંદાલ સ્ટીલમાં ૭.૫ ટકા, કોલ ઈન્ડિયામાં ૬ ટકાનો ઘટાડો રહ્યો હતો.

## એલઓસી પર ઘૂસણખોરીનો પ્રયાસ : આતંકવાદી ઠાર

શ્રીનગર,તા. ૨

જમ્મુ કાશ્મીરના તંગધાર સેક્ટરમાં અંકુશરેખા પર આતંકવાદીઓ દ્વારા ઘૂસણખોરીનો વધુ એક પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે આ પ્રાયસને પણ ભારતીય સેનાએ નિષ્ફળ બનાવી દઈને એક આતંકવાદીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. માર્યા ગયેલા આતંકવાદી પાસેથી કેટલાક હથિયારો પણ કબજે કરવામાં આવ્યા હતા. સેનાના અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યુ હતુ કે તંગધાર સેક્ટરમાં અંકુશરેખા પર ભારતીય સેનાના જવાનોએ બે આંતકવાદીઓની હિલચાલ નિહાળી હતી. આતંકવાદીઓને શરણાગતિ સ્વીકારી લેવા પડકાર ફેંકવામાં આવ્યો હતો. પરંતુ આતંકવાદીઓએ શરણાગતિ સ્વીકારવાના બદલે ગોળીબાર કર્યો હતો. જવાબી કાર્યવાહી કરવામાં આવતા એક આતંકવાદી ઠાર થયો હતો. તેની પાસેથી એકે ૪૭ રાયફલ અને અન્ય હથિયારો કબજે કરવામાં આવ્યા હતા. આની સાથે જ છેલ્લા પાંચ દિવસમાં કૂપવારા જિલ્લામાં અંકુશરેખા પર ઘૂસણખોરી વિરોધી ઓપરેશનમાં માર્યા ગયેલા આતંકવાદીઓની સંખ્યા વધીને ૧૧ પર પહોંચી ગઈ છે. પાંચ આતંકવાદીઓને ગઈકાલે હેંદવારામાં વન્ય વિસ્તારમાં ઘૂસણખોરીના પ્રયાસમાં ઠાર મારી દેવાયા હતા જ્યારે મંગળવારના દિવસે માચીલ સેક્ટરમાં ઘૂસણખોરી કરતા ચાર આતંકવાદીઓ માર્યા ગયા હતા. સોમવારે અન્ય એક આતંકવાદી કેરન સેક્ટરમાં ઠાર થયો હતો.

## તેલંગાણા રાજયની રચના બાદ કોંગ્રેસના સાત સાંસદોના રાજીનામા

નવી દિલ્હી,તા. ૨

અલગ તેલંગાણા રાજ્યની રચના બાદ તેની માઠી અસર જોવા મળી રહી છે. કોંગ્રેસના ટોચનાનેતાઓ દ્વારા સમજાવવાના સર્વશ્રેષ્ઠ પ્રયાસો થઈ રહ્યા હોવા છતાં કટોકટી વધુ ઘેરી બની રહી છે. સિમાદ્રા પ્રદેશના ટોચના નેતાઓ અલગ તેલંગાણા રાજ્યની રચનાને લઈને તેમનો વિરોધ જારી રાખવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. કોંગ્રેસ અને યુપીએ સરકારના નિર્ણયને લઈને કોંગ્રસના સાત સાંસદોએ આજે રાજીનામા આપી દીધા હતા. વધુ કેટલાક સાંસદોના રાજીનામા આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. જે સાંસદોના રાજીનામા આપ્યા છે તેમાં એ સાઈ પ્રતાપ (રાજમપેટ), અનંત વેંકટ રામીરેડ્ડી (અનંતપુર), સીવી હર્ષકુમાર (અમલાપુરમ), વી અરૂણકુમાર (રાજામુંદ્રી), એલ રાજ ગોપાલ (વિજયવાડા) અનેં સપીવાય રેડ્ડી (નાનયાલ)નો સમાવેશ થાય છે. આ તમામ સાંસદોએ પોતાના રાજીનામા લોકસભા મહાસચિવ ટીકે વિશ્વનાથનને આપી દીધા છે. જ્યારે રાજ્યસભાના સભ્ય કેવીપી રામચંદ્ર રાવે રાજ્યસભાના મહાસચિવને તેમના રાજીનામાં સોંપી દીધા છે. સાંસદોએ દાવો કર્યો છે કે આંધ્રપ્રદેશમાંથી લોકસભાના વધુ ત્રણ સાંસદ સબ્બમ



હરિ (અનકાપલ્લી), એમ શ્રીનિવાસુલ્લુ રેડ્ડી (ઓંગોલ) અને આર સંમ્બાશિવરાવ (ગુમટુરે) પણ પોતાના રાજીનામા મોકલી દીધા છે. સાંસદોએ દાવો કર્યો છે કે આંધ્રપ્રદેશના કેન્દ્રિય પ્રધાન આવતીકાલે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાધીને મળશે અને પોતાના રાજીનામાં સોંપશે. તેઓએ લોકસભાના અધ્યક્ષ મીરાકુમાર પાસેથી સમય માંગ્યો છે. કારણ કે નિયમ મુજબ લોકસભા અધ્યક્ષને તમામ પ્રકારની સંતુષ્ટી હોવી જોઈએ. તેલંગાણાના મામલે નારાજ કોંગ્રેસના કેટલાક સાંસદો તથા કેન્દ્રિય મંત્રીઓની ગઈકાલે મોડી રાત્રે કોંગ્રેસ સાંસદ રામચંદ્ર રાવના આવાસ પર બેઠક થઈ હતી. તેલંગાણાના મામલે આંધ્રપ્રદેશમાં ઉકળતા ચરુ જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. આંધ્રપ્રદેશ સરકારમાં કટોકટી દિનપ્રતિદિન વધુ ઘેરી બની ગઈ છે. અલગ તેલંગાણા રાજ્ય સામેના વિરોધમાં ૨૬ કોંગ્રેસી ધારાસભ્યોએ તેમના હોદ્દા પરથી રાજીનામા આપી દીધા છે. બંદર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રધાન ગાંન્તા શ્રીનિવાસા રાવ, કાયદા પ્રધાન ઈપ્રતાપ રેડ્ડી, સહકાર પ્રધાન કાસુકૃષ્ણા રેડ્ડી અને સિંચાઈ પ્રધાન ટી જી વેંકટેશ્વરે મુખ્યમંત્રીને તેમના રાજીનામા આપી દીધા છે. શ્રીનિવાસ રાવે સ્પષ્ટતા કરતા કહ્યું છે કે સરકારમાં તેઓ ચાલુ રહે તેમ તેમની ઈચ્છા નથી. કારણ કે અલગ તેલંગાણા રાજ્યની મદદથી તેમને ખૂબ આઘાત લાગ્યો છે. તેલંગાણાની રચનાને લઈને કોંગ્રેસને હજુ પણ મુશ્કેલીનો સામનો કરવો પડે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. અન્ય પ્રધાનો પણ રાજીનામું આપી દેવાના મૂડમાં દેખાઈ રહ્યા છે.

૨૬ કોંગ્રેસી ધારાસભ્યો જે રાજીનામું આપી ચૂક્યા છે તે પૈકી ૧૯ એમએલએ છે અને ૭ એમએલસી છે. તેમની સાથે ૧૫ તેલુગુ દેશના ધારાસભ્ય અને બે એમએલસી પણ છે. મોટાભાગના સભ્યોએ વિધાનસભા અધ્યક્ષ અથવા વિધાન પરિષદના ચેરમેનને સત્તાવાર ફોર્મેટમાં તેમના રાજીનામાં ફેક્સ મારફતે મોકલી દીધા છે. કેટલાકે એપીસીસીના વડાને પણ તેમના રાજીનામા આપ્યા છે. સંખ્યામાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. તેલંગાણાનો વિરોધ કરી રહેલા કેટલાક લોકોનું કહેવું છે કે એકાએક તેલંગાણા અંગે નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી કેટલાક પ્રધાનોને રાજીનામું નહીં આપવા સમજાવવાના પ્રયાસ કરી રહ્યા છે પરંતુ તેઓ વાત સ્વીકારે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે.

## કેદારનાથ મંદિરમાં પૂજા ૧૧મી સપ્ટેમ્બરથી શરૂ

દહેરાદૂન,તા. ૨

ઉત્તરાખંડના મુખ્યમંત્રી વિજય બહુગુણાએ આજે જાહેરાત કરી હતી કે કેદારનાથ મંદિરમાં ૧૧મી સપ્ટેમ્બરથી ફરી એકવાર પૂજાની શરૂઆત થશે. મુખ્ય પ્રધાન વિજય બહુગુણા અને કેદારનાથ મંદિર સમિતિના હોદ્દેદારો વચ્ચે મળેલી ઉચ્ચસ્તરિય બેઠકમાં પૂજા શરૂ કરવા અંગેની તારીખ અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. તાજેતરમાં જ કુદરતી હોનારતના કારણે કેદારનાથમાં અભૂતૂપર્વ નૂકશાન થયુ હતુ. હિન્દુ સમુદાયના સૌથી લોકપ્રિય ધાર્મિક સ્થળો પૈકીના એક એવા કેદારનાથ મંદિરના ૧૬-૧૭મી જૂનના પૂર બાદથી મોટા ભાગની પ્રવૃત્તિ ઠપ થઈ ચુકી છે. કેદારનાથમાં સેંકડો લોકોના મોત થયા હતા અને મંદિર શહેર પાણીમાં ગરકાવ થઈ ગયુ હતુ. કાટમાળને દૂર કરવાની કામગીરી હજુ પણપડકારરૂપ બનેલી છે.

કુદરતી હોનારતગ્રસ્ત ઉત્તરાખંડમાં સરકાર દ્વારા રચવામાં આવેલી ટીમો મારફતે બચાવ કામગીરી અને પુનઃનિર્માણની કામગીરી ચાલી રહી છે. હજુ સુધી આ પ્રવૃત્તિ સંપૂર્ણપણે સરળ થઈ નથી. કેદારનાથ મંદિર અને આસપાસના વિસ્તારોમાંથી કાટમાળને હજુ દૂર કરવાને સફળતા હાથ લાગી નથી. કારણકે ભારે સાધનો હજુ સુધી પહોંચ્યા નથી. ભારે મશીનરીઓ પહોંચ્યા બાદ આ કામગીરી હાથ ધરાશે. રાજ્ય સરકારે વૈજ્ઞાનિક રીતે વિશ્વપ્રસિદ્ધ કેદારનાથ ધાર્મિક સ્થળની આસપાસથી કાટમાળને દૂર કરવા એન્જિનિયરીંગ પ્રોજેક્ટ ઈન્ડિયા લિમિટેડ, એએસઆઈ, જીએસઆઈના નિષ્ણાંતોની મદદ લીધી છે. હાલમાં પણભારે વરસાદ થઈ રહ્યો છે જેથી કામગીરી આડે અટચણો આવી રહી છે.

## મુંબઈમાં અભિનેત્રી સાક્ષી પારીખની કારને અકસ્માત

મુંબઈ,તા. ૨

ટીવી કલાકાર સાક્ષી પારીખની કારથી મુંબઈના કાંદીવલીમાં ભીષણ માર્ગદુર્ઘટના થઈ છે. જેમાં એક વ્યક્તિનુ મોત થયુ છે જ્યારે અન્ય ચાર વ્યક્તિને ઈજા થઈ છે. પોલીસે કહ્યુ છે કે ટીવી કલાકાર સાક્ષીની ધરપકડ કરી લેવામાં આવી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે સાક્ષીની કાર ખૂબ ઝડપથી પસાર થઈ રહી હતી અને કાબૂ ગુમાવી દેતા બીજી લેનમાં ઘૂસી ગઈ હતી. કારે બીજી લેનમાં ઘૂસી ગયા બાદ અન્ય એક કાર, મોટરસાઈકલ અને ઓટોને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે બાઈક સવારનું ઘટનાસ્થળે મોત થયુ હતુ. જ્યારે આ દુર્ઘટનામાં ઘાયલ થયેલા અન્ય ચાર લોકોને ગંભીર હાલમાં ભગવતી હોસ્પિટમાં દાખલ કરવામાં આવ્યો હતો.

ડ્રાઈવિંગ વેળા સાક્ષી નશામાં હતી તે સંબંધમાં હજુ જાણી શકાયુ નથી. બીજી બાજુ પોલીસે સાક્ષીની ધરપકડ કરીને વધુ માહિતી લેવાના પ્રયાસો કર્યા છે. આ ભિષણ માર્ગ દુર્ઘટનાના પરિણામે ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ ગઈ હતી અને લોકો ઉત્તેજનાપૂર્વક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મુંબઈમાં ટીવી અભિનેત્રી સાક્ષી પારીખની કારના અકસ્માતના સમાચાર ફેલાતાની સાથે જ પરિવારના સભ્યો પણ પોલીસ સ્ટેશન અને ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે કલાકારો દ્વારા આ પ્રકારના અકસ્માતોનો આ પ્રથમ કિસ્સો નથી. આગળ બોલિવુડ સ્ટાર સલમાન ખાનની ગાડીની ટક્કરથી એકનું મોત થયુ હતુ. આ મામલો કોર્ટમાં ચાલી રહ્યો છે.

### આંખે દેખ્યું આંદામાન (પાના નં. ૪નું ચાલુ)

કેરળના મલબાર વિસ્તારમાં મોપલા લોકોએ પણ અંગ્રેજ શાસન સામે અને ૧૯૨૧માં બળવો કરેલો. આ મોપલા બગાવતીઓને અને ૧૯૨૨માં 'ટી.એસ.એસ. મહારાજા' જહાજમાં આંદામાન લવાતા હતા. મોપલા વિદ્રોહીઓમાં તેનો પ્રમુખ વેલાલા મોઇદિન કુટ્ટી અને પયાના ખુંખારા કુન્ની મહંમદ વિગેરે હતા. તેમને કપરામાં કપરી સજામાં જેલમાં કાપવી પડી. મોપલાઓએ જેલના અધિકારીઓનાં વર્તનના વિરોધમાં અવાજ બુલંદ કર્યો. જેથી બ્રિટીશ સરકારે તેમને તેમના વતન કેરળમાં પરત મોકલવાનો નિર્ણય લીધો. પરંતુ અમુક કેદીઓ આંદામાનમાં જ વસી ગયા. તેઓ કેરળ પાછા ગયા નહીં.

ભારતથી આવતા રાજનૈતિક કેદીઓમાં હેતીલાલ નામનો એક માથાભારે અને બહુ હોંશિયાર કેદી આવ્યો. તેણે અહીં થતાં અત્યાચારોની વિગત લાંબા પત્રમાં લખી જેમ તેમ કરીને કલકત્તા સુરેન્દ્રનાથ બેનરજીને મોકલી દીધી. બેનરજીએ 'ધી બંગાળી' માં તેને બહુ જ પ્રસિદ્ધિ આપી. હાહાકાર થઇ ગયો. સરકારે તપાસ કરવા અધિકારીઓ મોકલ્યા.

ઇ.સ. ૧૯૩૭ અને ઇ.સ.૧૯૩૯માં આ સેલ્યુલર જેલનાં ક્રાંતિકારીઓએ અંગ્રેજ સરકારે ઇ.સ. ૧૯૩૮માં બધા જ રાજનૈતિક કેદીઓને સેલ્યુલર જેલમાંથી છોડી મુક્યા. જેના માટે મહાત્મા ગાંધી અને રવિન્દ્રનાથ ટાગોરના પ્રયાસો મહત્ત્વપૂર્ણ સિદ્ધ થયા હતા. કારણ કે સેલ્યુલર જેલના અમાનુષી અત્યાચારોની વાતો માતૃભૂમિના સમાચાર પત્રોમાં અવારનવર છવાવા લાગતાં સ્વદેશી નેતાઓ અને અંગ્રેજ સરકાર વચ્ચે વિરોધ વધવા લાગ્યો હતો.

સેલ્યુલર જેલની ઘટનાઓનું સંવાદો અને જુસ્સા ભર્યા બુલંદ અવાજમાં પ્રસ્તુતિકરણ ધ્વનિ અને પ્રકાશના આયોજનથી એવું તાદૃશ્ય થઇ રહ્યું હતું કે ત્યાં બેઠેલા ઘણાં પ્રેક્ષકોની આંખો છલકાઇ ઉઠી હતી. ક્રૂરતા પૂર્વક થયેલા જુલ્મોની કહાણીએ સૌને હચમચાવી દીધા હતા. આ સાંભળી, જોઇને આકાશ પણ રડી રહ્યું ને ધોધમાર વરસી પડ્યું પણ ક્રાંતિકારીઓની ગાથા પુરી થાય નહીં ત્યાં સુધી કોઇ ત્યાંથી હટવાનું નામ લેખું ન હતું. પ્રેક્ષકોમાં સ્તબ્ધતા છવાઇ ગઈ હતી. આપણે જે આઝાદીનો શ્વાસ લઇએ છીએ તેના માટે ક્રાંતિકારીઓએ વેઠેલી યાતનાઓ સૌના હૃદયને ભીંજવી રહી હતી. ત્યારે આંદામાનના કવિ ડો. અરૂણ પ્રકાશ અવસ્થીની પંક્તિઓમાં બસ આપણે એટલું જ કહીએ કે -

'જો બલિદાની નરસિંહો કા હરદમ રહા ચમન હૈ,
એસે આંદામાન કો મેરા યુગ-યુગ કોટિ નમન હૈ.'

અને અમે સૌ હોટલ પર પરત જવા રવાના થયા.

(ક્રમશ:)

## લખનૌમાં સાંપ્રદાયિક હિંસામાં ઘણાં ઈજાગ્રસ્ત : સ્થિતિ વણસી

લખનૌ,તા. ૧૨

ઉત્તર પ્રદેશના લખનૌમાં એક જ સંપ્રદાયના બે જૂથો વચ્ચે ફરી એકવાર હિંસા ભડકી ઊઠી છે જેમાં અનેક લોકો ઘાયલ થયા છે. લખનૌના જૂના શહેર વિસ્તારમાં એક જ સમુદાયના બે જૂથો એકબીજા ઉપર ગોળીબાર કર્યો હતો. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે એકબીજા સાથે એક સમુદાયના બે જૂથો આમને સામને આવી ગયા હતા. જેના કારણે જોરદાર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આગ અને લૂંટફાટના બનાવ બન્યા હતા. ઠાકોરગંજ વિસ્તારમાં હુસૈના બાદ વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. આ બનાવમાં એક મહિલા સહિત બે લોકોને ઈજા થઈ હતી. આ બંનેને ગોળીઓ વાગવાથી ઈજા થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. પથ્થરમારાના બનાવમાં અનેક લોકો ઘાયલ થયા હતા. જિલ્લા મેજિસ્ટ્રેટ અનુરાગ યાદવ દ્વારા જણાવવામાં આવ્યું છે કે હિંસક અથડામણોના મામલામાં તપાસ હાથ ધરવામાં આવી છે. બે જૂથ વચ્ચે ગોળાબાર થયો છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા અનુરાગ યાદવે કહ્યું હતું કે આ સંબંધમાં માહિતી મળી નથી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ તોફાની ટોળાએ કેટલાક વાહનોને આંગ ચાપી હતી. દુકાનોમાં તોડફોડ કરી હતી. જૂના શહેરમાં ભારે તંગદિલી ફેલાઈ ગઈ છે. સુરક્ષા વ્યવસ્થા પણ મજબૂત કરવામાં આવી હતી. પોલીસે સ્થિતિને કાબૂમાં લેવા માટે જોરદાર લાઠીચાર્જ કર્યો હતો. દરમિયાનમાં સમાજવાદી પાર્ટીના પ્રવક્તા અને જેલ પ્રધાન રાજેન્દ્ર ચૌધરીએ કહ્યું છે કે સરકાર ગઈકાલની હિંસામાં ઘાયલ થયેલા લોકોને વળતરની ચૂકવણી કરશે. ગઈકાલ બાદથી જ તીવ્ર તંગદિલી પ્રવર્તી રહી છે.

### લઘુ નવલિકા (પાના નં. ૪ નું ચાલુ)

કોઇ સૂમસામ નગરના લાંબા સુનકાર રસ્તા પર તે એકલી ગતિ કરે છે તેની આસપાસની વાસ્તવિક સૃષ્ટિ ચિત્રવત બની ગઇ તેનું સમગ્ર ચિત્તતંત્ર પેલો અવાજ સાંભળતા તલસી ઊઠ્યું. પાછળ જોયા વિના તે બોલી ઊઠી. કિશોર કેમ મુંગો થઇ ગયો છે? તેનું મન વિહ્વળ થઇ ગયું. તેનો... તેના કિશોરનો અવાજ કોલાહલમાં ગુમ થઇ ગયો કે શું? એ અવાજ વિનાની ગતિ શા કામની? તેનો ગતિનો આનંદ વિલાઇ ગયો. એ અવાજ વિના તેનાથી સ્કૂટર નહિ ચલાવાય... એ થાકી ગઇ. ઓફિસ સુધી આવતાં આવતાં તેણે મનોમન કિશોરની માફી માગી લીધી... 'ભલે તારે જે કહેવું હોય તે કહેજે... પણ તારો અવાજ સાંભળ્યા વિના નહિ જીવાય... મારાથી નહિ રહેવાય... મને આવી શાંતિ નથી ખપતી...'

'બહેન, સાહેબ તમને બોલાવે છે.' પટ્ટાવાળાએ સૂચના આપી. એ ચેમ્બરમાં ગઇ. બોસ ગંભીર ચહેરે બેઠા હતા. એ દાખલ થઇ તો તુરત ઊભા થઇ પાસે આવી કહે, 'દીકરી જલદી હોસ્પિટલે પહોંચી જા. કિશોરને રસ્તો ઓળંગતા અકસ્માત થયો છે.'

કિન્નરી ખુરશી પર ઢગલો થઇ ગઇ... શું કિશોરનો અવાજ.... કાયમ માટે ... મારા જ કારણે બંધ થઇ... જવાનો...

## સમાચાર ઝલક

- ♥ ઉત્તર ભારતમાં ભૂકંપના આંચકા, કાશ્મીરમાં શાળાઓમાંથી વિદ્યાર્થીઓને રજા આપી.
- ♥ થરાદમાં નર્મદા યોજનાના નાયબ કાર્યપાલક ઇજનેર લાંચ લેતા ઝડપાયા.
- ♥ નશાબંધીના અમલ માટે મહિલા શક્તિનો ઉપયોગ થશે, ૧૬ પોલીસ સબ ઇન્સ્પેક્ટર મહિલાઓની નિમણૂંક થશે.
- ♥ નેશનલ સ્પોટ એક્સચેંજમાં કોન્ટ્રાક્ટર સસ્પેન્ડ, કરોડો સલવાયા.
- ♥ હવે બેંકો તેના ખાતેદારોનાં અવાજનો નમૂનો પણ લેશે.
- ♥ ૨૯% દવાઓ પ્રિસ્ક્રીપ્શન વિના વેચાય છે.
- ♥ રવિવારે તા.૪થી ઓગસ્ટે ફ્રેન્ડશીપ-ડે ઉજવાશે.
- ♥ ફુડ લાયસન્સ, રજીસ્ટ્રેશન ઓનલાઇન ફોર્મથી વેપારીઓ હેરાન, કોમ્પ્યુટરનુ જ્ઞાન ન હોવાથી.
- ♥ ૨૦૦૧ થી અત્યાર સુધી સૌથી વધુ મોંઘવારી વધારો કેન્દ્ર અનો રાજય સારકારના કર્મચારીઓ જાહેર થશે, પહેલી જુલાઇથી ૧૦ ટકાનો વધારો થશે, જેથી ૯૦ ટકા મોંઘવારી મળશે.
- ♥ કે.બી.સી. મુદ્દે અમિતાભ બચ્ચન સામે ભોપાલ કોર્ટમાં કેસ.
- ♥ વિજ્ઞાનીઓએ અસલ જેવું કામ આપતા કૃત્રિમ કાન તૈયાર કર્યો, સર્જરીની આશા ઉજળી.
- ♥ ડાયાબીટીશ-હાયપર ટેન્શનનાં દર્દીઓને આરોગ્ય વિમા પ્રીમીયમમાં રાહત.
- ♥ મુશર્રફને લક્ષ્ય બનાવવાની ત્રાસવાદીઓની યોજના.
- ♥ સ્પોટ ફિક્સીંગ મુદ્દે તમામ સામે તીવ્ર સકંજો.
- ♥ બળાત્કારની ખોટી ફરિયાદ કરનાર મહિલા વિરૂદ્ધ પગલાં લેવાશે : મુંબઇ હાઇકોર્ટ.
- ♥ નકલી નોટોની હેરાફેરીનાં ધંધામાં યુવતીઓનો પ્રવેશ.
- ♥ હાય રે... બેકારી! સસ્તા અનાજની દુકાન ખોલવા વકીલ-શિક્ષકોએ કરી અરજી.
- ♥ ૧૨ મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદીઓનાં ફોટાઓ બધી જગ્યાએ મુકાશે સાથે ૧૦ લાખનાં ઇનામની જાહેરાત.
- ♥ દીપેશ-અભિષેકના મોતનાં મામલે આશારામ-નારાયણ સાંઇને કલીનચીટ મળશે.
- ♥ ઓમકારેશ્વર બંધમાંથી પાણી છોડાતા નર્મદા ડેમ વધુ ઓવર ફલો થશે.
- ♥ રૂપિયાની સ્થિતિ નહીં સુધરે તો વ્યાજદર વધારાશે.
- ♥ મહીસાગર નદીમાં અમદાવાદનાં બે વેપારીઓની ગાડી તણાઇ ગઇ.